GJBK010007592026

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૮/૦૨/૨૦૨૬ | | |
| રજીસ્ટર્ડ તારીખ | ૨૮/૦૨/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૮ |

---

**પાલનપુરના મહે. ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. પાલનપુર.**
**ક્રિ.પર.અ.નં. ૨૩૩/૨૦૨૬**

---

**આંક.**

મયુરસિંહ ઇન્દ્રસિંહ ઝાલા
ઉ.વ. આ. ૩૭, ધંધો. ટ્રાન્સપોર્ટ તથા ખેતી,
રહે. મું. ઇંગોરાળા, તા. હળવદ,
જિલ્લો. મોરબી. **....અરજદાર**

**વિરૂધ્ધ**

શ્રી સરકાર
જિલ્લા સરકારી વકીલશ્રી પાલનપુર. **....સામાવાળા**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એ. એન. આચાર્ય.
શ્રી સરકાર તરફે એડી. પી. પી. શ્રી ડી. કે. પુરોહિત.

---

બાબત :- બી.એન.એસ.એસ.ની કલમ- ૪૯૭ અન્વયે મુદ્દામાલ વાહન પરત મેળવવા....

---

**:- ચૂકા દો -:**

(૧) આ કામના અરજદારે બી.એન.એસ.એસ.ની ૪૯૭ અન્વયે સુઇગામ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૯૯૬૦૦૫૨૬૦૦૪૫/૨૦૨૬,

અને. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૧૫(સી), ૨૯ મુજબના ગુનાના કામે કબજે કરેલ મુદામાલ વાહન ટાટા મોટર લી. કંપનીનું ટ્રેલર ગાડી નંબર જીજે.૧૨. સીટી. ૨૨૦૫ પરત મેળવવા માટે હાલની આ અરજી કરેલ છે.

(૨) આ કામે પોલીસે મુદ્ધામાલ તરીકે કબજે લીધેલ **ટાટા મોટર લી. કંપનીનું ટ્રેલર ગાડી નંબર જીજે.૧૨. સીટી. ૨૨૦૫** વાહન અંગેનો ઉલ્લેખ હવે પછી સરળતા ખાતર '' **મુદામાલ વાહન** '' તરીકે કરેલ છે.

(૩) અરજદારની અરજી રજૂ થતાં, સરકારશ્રીને આ કામે નોટીસ કરતાં, શ્રી સરકાર તરફે એ. પી. પી. શ્રી ડી. કે. પુરોહિત હાજર થયેલા છે અને તેમણે આંક.૦૫ થી હાજર પુરસીસ રજૂ કરેલ છે તેમજ તપાસ કરનાર અધિકારીશ્રી ડી. કે. ચૌધરી નાઓએ પોતાનો અભિપ્રાય આંક.૦૭ થી રજૂ કરેલ છે અને તેમાં તેમણે જણાવેલ છે કે, કબજે કરેલ મુદામાલ વાહન અરજદારને સોંપવામાં આવે તો ફરીથી આવા ગુનામાં સંડોવવાની પુરેપુરી શક્યતા હોય જેથી મુદ્ધામાલ વાહન અરજદારને નહિ સોંપવા માટે તેમણે અભિપ્રાય આપેલ છે.

(૩) અરજદાર તરફે વિ. વ. શ્રી એ. એન. આચાર્યને સાંભળ્યા. તેઓ તેમની રજુઆતમાં જણાવે છે કે, સદરહું વાહન અરજદારની માલિકીનું છે. વાહનના માલિક તરીકે તેણે કૃત્ય કરેલ નથી. અરજદારે ભાડેથી ડ્રાઇવરને વાહન ચલાવવા આપેલ હતું સદર ગુનામાં અરજદાર કોઇ રીતે સંડોવાયેલા નથી. ડ્રાઇવરે તેમની જાણ બહાર તેઓની માલિકીનું મુદામાલ વાહનનો દૂરપયોગ કરેલ છે. તેમનો ટ્રાન્સપોર્ટનો ધંધો છે. આમ પોલીસે વાહન ચાલક પાસેથી મુદામાલ વાહન કબજે કરેલ છે. વધુમાં તેઓ રજૂઆત કરતાં જણાવે છે કે, જો લાંબા સમય સુધી મુદ્ધામાલ વાહન પોલીસ સ્ટેશનમાં પડયું રહે તો, તેના સ્પેરપાર્ટસ, ટયુબ–ટાયર વિગેરે બગડી જવાનો પુરેપુરો સંભવ હોય અને તેને સદરહું વાહન પરત સોંપવામાં ન આવે તો, તેને આર્થિક નુકસાન જાય તેમ છે. તેઓ વધુમાં રજૂઆત કરતા જણાવે છે કે, અદાલત તેને જે શરતોએ

વાહન સોંપશે તે શરતોનું પાલન કરવા તૈયાર છે. તેથી તેમણે તેને મુદ્ધામાલ વાહન વચગાળાની કસ્ટડી તરીકે સોંપવા માટે રજૂઆત કરેલ છે.

(૪) શ્રી સરકાર તરફે એ. પી. પી. શ્રી ડી. કે. પુરોહિતને સાંભળ્યા. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામે વાહન ચાલક (આરોપી ડ્રાઇવર) પાસેથી મુદ્દામાલ વાહન પકડાયેલ છે. અરજદાર સદરહું મુદ્દામાલ વાહનના માલિક છે તેમનું તપાસના કામે નિવેદન લેવામાં આવેલ છે. સદરહું ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહનનો ઉપયોગ માદક પદાર્થ પોષ ડોડાની ડીલીવરી માટે ઉપયોગ કરેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે પુરવાર થાય છે અને જયારે ઉપરોકત રીતે વાહનનો ઉપયોગ થયાનું પ્રથમદર્શનીય રીતે પુરવાર થતું હોય ત્યારે એન. ડી. પી. એસ. એકટની કલમ ૬૦ લાગુ પડે છે. જો સદરહું મુદ્દામાલ વાહન અરજદારને પરત સોંપવામાં આવશે તો તે આ પ્રકારના ગુનામાં ફરી વખત તેનો ઉપયોગ કરશે તેમ જણાવી મુદ્દામાલ વાહન અરજદારને નહીં સોંપવા અંગેની તેઓએ રજૂઆત કરેલ છે.

(૫) બંનેની દલીલો સાંભળી. આ કામે અરજદાર તરફે થયેલ રજૂઆત મુજબ અરજદારે ભાડેથી ડ્રાઇવરને મુદ્દામાલ વાહન ચલાવવા આપેલ હતું. સદર ગુનામાં અરજદાર કોઇ રીતે સંડોવાયેલા નથી. ડ્રાઇવરે તેમની જાણ બહાર તેઓની માલિકીનું મુદ્દામાલ વાહનનો દૂરપયોગ કરેલ છે. તેમનો ટ્રાન્સપોર્ટનો ધંધો છે અને તેના સમર્થનમાં અરજદાર તરફે માર્ક. ૩/૨ થી વાહનની આર. સી.બુકની નકલ તથા માર્ક. ૩/૪ થી સદરહું મુદ્દામાલ વાહનની વીમા પોલીસીની નકલ રજૂ કરેલ છે જે ધ્યાનમાં લેતાં અરજદારના નામે મુદ્દામાલ વાહન હોવાનું જણાઇ આવે છે. આ કામે અરજદારે પોતાનું મુદ્દામાલ વાહન ભાડાથી જે વ્યકિતને આપેલ હતું તેણે મુદ્દામાલ વાહનમાં સોલાર પ્લેટો ચીખલી થી રાજસ્થાન મુકામે સોલાર પ્લેટોની ડીલીવરી કરવા જતાં હતા તે દરમ્યાન રાજસ્થાન મુકામેથી પરત આવતી વખતે વાહન ચાલકે ટ્રોલીના ભાગે લગાડેલ ટુલ બોક્ષમાં માદક પદાર્થ પોષ ડોડા ભરેલ હતા જેથી તેની જાણ અરજદારને હોઇ શકે નહીં તે હકીકત ધ્યાને લેતાં અરજદાર તરફે જે

રજૂઆત કરવામાં આવેલ છે તે યોગ્ય જણાય છે. સામાન્ય રીતે જયારે કોઇ વ્યકિત ટ્રાન્સપોર્ટનો ધંધો કરતો હોય અને તેણે પોતાનું વાહન ભાડેથી ચલાવવા આપેલ હોય ત્યારે તેની જાણ બહાર ડ્રાઇવરના કબજા ભોગવટા વાળા વાહનમાં શંકાસ્પદ કોઇ ચીજવસ્તુ મળી આવે ત્યારે સ્વાભાવિક છે કે, તેને તેની જાણ હોઈ શકે નહીં અને તપાસ દરમ્યાન પણ હાલના અરજદાર કહેવાતા ગુનામાં સંડોવાયેલ છે તેવું જણાઈ આવતું નથી. અરજદાર તરફે આ કામે આંક-૩ ના દસ્તાવેજી લીસ્ટ વંચાણે લેતાં, નીશાની ૩/૨ થી અરજદારે મુદ્દામાલ વાહનની આર.સી.બુકની નકલ રજૂ કરેલ છે જે વંચાણે લેતા મુદ્દામાલ વાહન અરજદારના નામે ખરીદ કરેલ હોવાનું જણાય આવે છે તે જોતાં, અરજદાર સદરહું મુદ્દામાલ-વાહનના રજીસ્ટર્ડ ઓનર હોવાનું જણાઈ આવે છે. વિશેષમાં, ના.સુપ્રિમકોર્ટ બિશ્વજિત ડે વિ. સ્ટેટ ઓફ આસામ રાજ્ય કિ.અ.નં.૮૭/૨૦૨૫ નો ચૂકાદો તથા ૨૦૦૩(૧) જી.એલ.એચ., પાન નં. ૩૦૭ (સુપ્રિમ કોર્ટ) સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત નો ચુકાદો તથા ઉપરોકત ના.સુપ્રિમ કોર્ટના ચુકાદાને અનુસરીને ના.ગુજરાત હાઈકોર્ટના માન. ન્યાય મૂર્તિશ્રી ઓ રવિ આર. ત્રિપાઠી અને સોનીયા ગોકાણી સાહેબશ્રી નાઓએ જીતેન્દ્રકુમાર હેમંતલાલ આવાણી વિ.સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો જે ૨૦૧૫ (૩) કાઈમ્સ પેજ નં.૫૯૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ઉપરોકત ત્રણેય ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતાં પણ કબજે લેવામાં આવેલ મુદ્દામાલમાં વાહન હોય તેવા સંજોગોમાં, વાહનને પો.સ્ટેશનમાં બિનજરૂરી રીતે લાંબો સમય રાખવા કોઈ રીતે ઉપયોગી નથી અને વાહન તેના રજીસ્ટર્ડ ઓનરને પરત સોંપવા માટે યોગ્ય બોન્ડ અને ગેરંટી લઈ તેમજ સીકયુરીટી લઈ મેજીસ્ટ્રેટે યોગ્ય હુકમ કરવો જોઈએ તેવું ઠરાવેલ છે. એટલું જ નહીં પરંતુ, મુદ્દામાલ વાહન પોલીસ સ્ટેશનમાં બિન-ઉપયોગી હાલતમાં પડી રહે તો તેની ગુણવત્તામાં ઘટાડો થવાનો પણ સંભવ રહેલ છે. તેથી, આ વાહનનો વચગાળાનો કબજો બોન્ડ તથા ગેરંટી લઈ અરજદારને પરત સોંપવો યોગ્ય અને ન્યાયી હોવાનું જણાય છે. તેથી સમગ્ર હકીકત ધ્યાને લેતાં અરજદારની મુદ્દામાલ વાહન પરત મેળવવા માટેની

આંક.૧ની અરજી ન્યાયના હિતમાં મંજૂર કરવી ઉચીત અને વ્યાજબી જણાતી હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

આ કામે અરજદાર મયુરસિંહ ઈન્દ્રસિંહ ઝાલા નાઓને સંબંધિત પોલીસ સ્ટેશનના અધિકારી સમક્ષ સુઈગામ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૯૯૬૦૦૫૨૬૦૦૪૫/૨૦૨૬, અને. ડી. પી. એસ. એકટની કલમ ૮(સી), ૧૫(સી), ૨૯ મુજબના ગુનાના કામે કબજે કરેલ ટાટા મોટર લી. કંપનીનું ટ્રેલર ગાડી નંબર જીજે.૧૨. સીટી. ૨૨૦૫ મુદ્દામાલ વાહનના માલિકી અંગેના પુરતા દસ્તાવેજો રજૂ કરવાના રહેશે તેમજ સંબંધિત તપાસ કરનાર અધિકારી દવારા દસ્તાવેજોની ખરાઈ કરી મુદ્દામાલ વાહનની મૂળ કિંમતથી દોઢી રકમના જાત મુચરકા તથા જામીન આપ્યેથી આ કેસના આખરી નિકાલ આવતાં સુધી વચગાળાની કસ્ટડી તરીકે નીચેની શરતોએ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

શરતો :-

૧. અરજદારે આ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી મુદ્દામાલ વાહન કોઈને માલિકી હકક કે કોઈપણ રીતે તબદીલ કરવું નહી.

૨. અરજદારે મુદ્દામાલ વાહન કોઈ ગુનાહીત કે ગેરકાયદેસરની પ્રવૃત્તિમાં વાપરવું નહી.

૩. અરજદારે મુદ્દામાલ વાહનના દેખાવમાં કાયમી ફેરફાર થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

૪. અરજદારે મુદ્દામાલ વાહનના ચાર અલગ અલગ એંગલથી પોસ્ટ કાર્ડ સાઈઝના નંબર દેખાય તે મુજબના ફોટોગ્રાફસ રજૂ કરવા.

૫. અરજદારે મુદ્દામાલ વાહન અદાલત જયારે અને જયાં મંગાવે ત્યારે અને ત્યાં રજૂ કરવાની રહેશે.

૬. અરજદારે જામીન તેમજ બોન્ડ સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવા. હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મું. પાલનપુર.
તા. ૧૮/૦૩/૨૦૨૬

**(પીયૂષકુમાર અશોકભાઇ પટેલ)**
ત્રીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૦૩